# માલગઢમાં જુગાર ધામ પર પડેલી રેડ દરમિયાન ભાગવા જતાં ઈસમનું મોત

ડીસા, તા. ૨

ડીસા પંથકમાં શ્રાવણિયો જુગાર સોળે કળાએ ખીલ્યો છે ત્યારે ડીસા નજીક આવેલ માલગઢના ગોગાઢાણી વિસ્તારમાં ગત રાત્રે જુગારની રેડ દરમ્યાન પોલીસથી બચવા માટે ભાગવા જતા એક ઈસમને છાતીમાં દુખાવો ઉપડતા તેનું મોત નિપજતા અરેરાટી મચી જવા પામી છે. જ્યારે ચાર શખ્સોને રૂપિયા ૨.૧૫ લાખના મુદ્દામાલ સાથે જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

ડીસા તાલુકાના માલગઢ ગોગાઢાણી વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ડીસા તાલુકા પોલીસમથકની ટીમે રેડ કરી હતી. જેમાં પોલીસને જોઈ જુગારીયાઓમાં ભાગમભાગ મચી જવા પામી હતી. આ વખતે ભાગવા જતા વસંતભાઈ ઈશ્વરભાઈ ઠક્કર (ઉં.વ.૪૫, રહે. ચંદ્રલોક સોસાયટી)ને છાતીમાં દુખાવો ઉપડતા તેમનું મોત નિપજ્યું હતું જ્યારે બીજી બાજુ ભાગી રહેલ આરોપીઓમાં અજાજી અમરાજી માળી (રહે. માલગઢ), સોમાજી કાળુજી માળી (માલગઢ-ગોગાઢાણી), હસમુખ શંકરભાઈ ઠક્કર (રહે. લીલાશાનગર ડીસા) તેમજ પ્રકાશ જમનાદાસ સિંધી (રહે. સિંધી કોલોની ડીસા)ને પોલીસે પકડ્યા બાદ ભાગી ગયેલ વસંતભાઈ ઠક્કરની શોધખોળ ચાલી રહી હતી ત્યારે થોડે દૂર તેઓ મૃત પામેલ અવસ્થામાં મળી આવ્યા હતા. તેમનું હાર્ટએટેકથી મોત થયું હોવાનું ફરીયાદી મહેશભાઈ વેરસીભાઈ ઠક્કરે ફરીયાદમાં નોંધાવ્યું હતું. પકડાયેલ જુગારીયા પાસેથી રૂ. ૫૯૪૦ રોકડા, રૂ. ૩૦૦૦ના મોબાઈલ તેમજ મોટર સાયકલો મળી કુલ રૂ. ૨.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરના આગીયોલ ગામે બંધ મકાનમાં ચોરી ૫૦૦૦ની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના આગીયોલ ગામે ગતરોજ બપોરના સમયે ગામના જ એક ઈસમે બંધ મકાનનું તાળુ તોડી રૂ. ૫૦૦૦ ની મત્તાની ચોરી કર્યાની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશને નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હિંમતનગરના આગીયોલ ગામના ભરતભાઈ ભૂધરભાઈ જોષીના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ગામના નીરજ નારણભાઈ જોષી નામના ઈસમે ચાંદીની વીંટી નંગ-૨ કિ. આશરે ૩૦૦૦ તેમજ ચલણી નોટો મળી કુલ રૂ. ૫૦૦૦ની ચોરી કરી બનાવમાં નારણભાઈ જોષીના પત્ની ઈન્દુબેને પણ ચોરીમાં મદદગારી કર્યાનુ જાણવા મળે છે. આ બનાવની ફરિયાદ ભરતભાઈ જોષીએ ગાંભોઈ પોલીસ મથકે કરતા પોલીસે ગુનો નોંધી પી.એસ.આઈ. એ.એલ. આચાર્યએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા પંથકમાં રક્ષાબંધન પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ

ડીસા, તા. ૨

ડીસા શહેર સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભાઈ બહેનના નિર્દોષ પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધન પર્વની આનંદના માહોલ સાથે ઉજવણી થઈ હતી. બળેવના પર્વને લઈ છેલ્લા કેટલાય દિવસોથી બહેનો તૈયારી કરતી હતી ત્યારે આજરોજ સવારથી જ ભાઈને રાખડી બાંધવા માટે જતી બહેનોને લઈને ટ્રેનો, બસો તેમજ પ્રાઈવેટ વાહનોમાં ભારે ભીડ જોવા મળી હતી.

ભાઈ બહેનના પવિત્ર સંબંધને ઉજાગર કરતા બળેવની ઉજવણી હિન્દુ ધર્મમાં પરંપરાગત ચાલી આવે છે. ઈતહાસમાં અનેક બનાવો બન્યા છે જેણે ભાઈ બહેનના પ્રેમને અમર કર્યો છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવી છે.જેમાં બનાસકાંઠા જિલ્લામાં પણ પ્રતિદિન આ તહેવારનું મહત્વ વધતું જાય છે. આ તહેવારને લઈ છેલ્લા કેટલાંક દિવસોથી બજારમાં ભીડ જોવા મળતી હતી. બહેનોએ પોતાના ભાઈના હાથે રક્ષાકવચ બંધી તેના દિર્ઘાયુ અને સુખી જીવન માટે કામના કરી હતી. ભાઈઓએ બહેનને શકિત પ્રમાણે ભેટ આપી ખુશ કરી હતી. આ દિવસે લોકો સુખડીનો પ્રસાદ બનાવે છે. ગામડાઓમાં બળેવીયા દોડવાની પરંપરા આજે પણ જોવા મળી રહી છે. આ ઉપરાંત વિવિધ શાળાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓમાં પણ રક્ષાબંધનની ઉજવણી કરાઈ હતી. ડીસા શહેરમાં કેટલાક પરિવારો દ્વારા દસ દિવસ પહેલા ઝવેરા ઉગાડવામાં આવે છે.જેને આજે માથે ઉપાડી નદીમાં પધરાવવામાં આવે છે અને છોડ પરત લઈ શંકર ભગવાનના મંદિરે ચડાવવામાં આવે છે. ત્યાર બાદ સગા સંબંધીઓને મળવા જાય છે.



# પ્રાંતિજના તીર્થ સ્થાનોમાં શ્રધ્ધાળુઓની ભારે ભીડ

પ્રાંતિજ, તા. ૨

શ્રાવણ મહિનાની પૂનમ અને રક્ષાબંધનના પવિત્ર દિવસે પ્રાંતિજ તાલુકાના વિવિધ દેવ મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. પૂજા અર્ચન સાથે બ્રહ્મજનોએ જનોઈ બદલી હતી.

પ્રાંતિજ તાલુકાના પૌરાણિક માર્કેન્ડેશ્વર મહાદેવ મંદિરમાં દૂધના અભિષેક તથા જલાભિષેક સાથે ભક્તોએ શિવ આરાધના કરી હતી. સાંપડના પૌરાણિક કાલી મંદિરમાં પણ પૂનમના લીધે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. જૂના રસુલપુરના કાલીકા મંદિરમાં પ્રાંતિજના મેલડી માતાના મંદિરમાં તથા અન્ય દેવ દેવીઓના મંદિરોમાં સવારથી જ ભક્તોએ શ્રીફળ પ્રસાદ અને માતાજીની ચુંદડી સાથે દેવ દેવીને રીઝવવા આરાધના કરી હતી. ખાસ તો બ્રાહ્મણોએ નદીમાં પાણી ન હોવાને લીધે જે તે મંદિરોમાં કે પછી પોતાના નીજ સ્થાને જનોઈ બદલી હતી. ભાઈ-બહેનના પવિત્ર પર્વ એવા રક્ષાબંધનમાં સ્નેહી પરિવારજનો ખાસ મંદિરમાં દર્શનાર્થે આવ્યા હતા અને પોતાની શ્રદ્ધા પ્રગટ કરી હતી.

## ઈડરની ઉમેદપુરા હાઈસ્કૂલમાં સંકલ્પ શિબિર યોજાઈ

વડાલી, તા. ૨

ઈડરની ઉમેદપુરા હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં કારકિર્દી ઘડતરના ભાગરૂપે સંકલ્પ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

ઈડરની ઉમેદપુરા હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ દરમિયાન મહત્વના અભ્યાસ ક્રમ બાબત અને સારી કારકિર્દીના ઘડતર માટે સંકલ્પ શિબિર યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત મહાનુભાવો જાદર હાઈસ્કૂલનાં ઈન્ચાર્જ આચાર્ય મનુભાઈ પટેલ, શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ પ્રમુખ કાન્તિભાઈ પટેલે પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. અને વિદ્યાર્થીઓને સંકલ્પ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



પવિત્ર શ્રાવણ માસ અને રક્ષાબંધન, પૂનમ નિમિત્તે ચિલોડા સર્કલ આજુબાજુ વિસ્તારમાં ભાઈ બહેનના પવિત્ર હેતના પ્રતિક સમા તહેવારની ઉજવણીના ભાગરૂપે માનવ મહેરામણ ઉમટી પડતાં ભારે ધસારો તથા ભીડના દશ્યો સર્જાયા હતા. આ વિસ્તારમાં દર તહેવારે પરંપરા મુજબ નાના-મોટા વેપારી વર્ગ તથા નાગરિકોની અવરજવર વધતાં કંઈક જુદા દશ્યો જોવા મળે છે. રક્ષાબંધન નિમિત્તે વહેલી સવારથી રાખડી, ફરસાણ તથા ફ્રૂટના વેચાણ સ્ટોલો તથા પાથરણા લારીઓ દ્વારા વેચાણ કરવા તલપાપડ બન્યા હતા. આ વિસ્તારમાં સિઝનેબલ ધંધાદારી લોકો વેપાર કરવાનું ચૂકતા નથી. જ્યારે લોકો ખરીદી કરવા હરહંમેશ ચિલોડા આવવાનું ટાળતા નથી. પરિણામે પવિત્ર રક્ષાબંધન તથા પૂનમનો યોગ સર્જાતા ગિયોડ અંબાજી મંદિર તથા ચિલોડા વિસ્તારમાં માનવ મહેરામણનું આગમન થતાં લોકમેળો સર્જાતા ચિલોડા મથક જ્યાં જુઓ ત્યાં ભીડના દશ્યોથી ચિલોડા સર્કલ લોકમેળાવડોની લોકોએ ખરેખર મજા માણવાનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ડીસાના મીરા મહોલ્લામાં ખાતે રહેતા ૧૯ વર્ષીય યુવકે ઉદર મારવાની દવા પીતા ગંભીર

ડીસા શહેરના મીરા મહોલ્લા વિસ્તારમાં રહેતા એક યુવકે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ઉદર મારવાની દવા પી જીવન ટુંકાવાનું પ્રયાસ કર્યો હતો. જો કે આ બાબતની તેમના પરીવાર જનોને જીવન અને મોત વચ્ચે જોલા ખાતા આ યુવકને ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લવાયો હતો. પ્રાથમીક તબીબી તપાસમાં આ યુવક ઝેરની અસર તળે ગંભીર હાલતમાં છે. આ બનાવની જાણ થતા ડીસા શહેર પોલીસે તપાસ હાથ ધરેલ છે.

જેની પ્રાપ્ત વિગતો જોઈએ તો મીરા મહોલ્લા ખાતે રહેતા શ્રમજીવી પરીવારના સરફરાજ સરફઉદીન કુરેશી ઉમર વર્ષ-૧૯ વાળો યુવક આજે પોતાના ઘેર હતો. અને પરીવાર જનો બહાર ગામ કામ અર્થે ગયા હતા. ત્યારે કોઈ અગમ્ય કારણોસર આ યુવકે ખીરમાં ઉદર મારવાની દવા નાખી જીવન ટુંકાવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ ઝેરની અસર થતા આ યુવકના મોઢામાંથી જાગ નીકળવા લાગ્યા હતા.

# પાલનપુરના સામઢી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરને લાંચ કેસમાં ૧ વર્ષની કેદ

પાલનપુર, તા. ૨

પાલનપુર તાલુકાના સામઢી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતાં મેડીકલ ઓફીસરે તબીબી પ્રમાણપત્ર આપવા માટે લાંચની માંગણી કરી હતી. જેમાં ઈસમે પાલનપુર એ.સી.બી.ને ફરિયાદ કરતાં તા. ૨૯-૩-૦૭ના રોજ પંચો અને ઈસમને સાથે રાખી છટકુ ગોઠવતા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર લાંચની રકમ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. તેનો કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે એક વર્ષની સજા તેમજ રૂ. ૧૫૦૦ દંડ ફટકારતાં તબીબી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પાલનપુર તાલુકાના સામઢી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસરની ફરજ બાજાવતા રવિન્દ્રકુમાર કુમ્બજ પોતાની હોદ્દાની રૂએ જે પ્રમાણપત્રો પ્રજાજનોને આપે છે તે પેટે તેઓ રૂ. ૫૦ થી ૫૦૦ સુધી લાંચ માંગી સ્વીકારે છે તેની જાણ પાલનપુર એ.સી.બી.ને કરતાં લાંચના છટકાનું આયોજન કરતાં મેડીકલ ઓફીસર રવિન્દ્રકુમાર કુમ્બજ પ્રજાના વ્યકિત અમરતભાઈ શિવાભાઈ રૂપપુરા પાસેથી પોતાના તબીબી પ્રમાણપત્ર માટેના ફોર્મ જે હેવી લાયસન્સ રીન્યુ કરાવવા માટે રૂ. ૫૦ માંગી સ્વીકારતા એ.સી.બી.ની હાજરીમાં ઝડપાઈ ગયા હતા. બનાવ અંગે પાલનપુર એ.સી.બી. ગુ.રજી.નં. ૧/૦૭ દાખલ કરે તે સ્પે. કેસ નં./૭૮/૦૭ પાલનપુર એડીશનલ સેસન્સ જજ એમ.એમ. ગાંધીની કોર્ટમાં ચાલી જતાં અને સરકારી વકીલ દિપક પુરોહીતની દલીલો ગ્રાહ્ય રાખી એક વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૫૦૦નો દંડ ફટકારતા તબિબ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

# ધણપ ગામે નવા બાર કોડેડ રેશનીંગ કાર્ડમાં અનેક છબરડા અંગે કાર્ડધારકોની ફરિયાદો

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ધણપ ગામે નવા બાર કોર્ડ પ્રમાણે નવા રેશનીંગ કાર્ડ વિતરણની કામગીરી આરંભાઈ રહી છે. જેમાં નવા કાર્ડ અંગે ધણપ ગ્રામપંચાયતના સરપંચશ્રી સુરેન્દ્રસિંહ બી. રાણા તથા ડે. સરપંચશ્રી રામજીભાઈ એ. ઠાકોરે સંયુક્ત લેખિત નિવેદનમાં જણાવ્યા મુજબ કાર્ડધારકોની ફરિયાદો તથા રજૂઆત દ્વારા નવા કાર્ડમાં અક્ષમ્ય નામમાં અનેક ભૂલો થવા પામી છે. આ સાથે ધણપ ખાતે ચાલતી કામગીરી અનેક અરજદારો દ્વારા આ અંગે રજૂઆતો કરતાં બેજવાબદારી રીતે ઉડાઈ પ્રત્યુતરો આપવામાં આવે છે. પ્રત્યુતરના રૂપે તમારૂ રેશનીંગ કાર્ડ મામલતદાર કચેરીમાંથી મળી શકશે. પણ આ રેશનીંગ કાર્ડ ગામમાથી મળે તેવું આયોજન કરવું જોઈએ. તેવી માંગ પ્રવર્તી રહી છે. આ ઉપરાંત કેટલાક અરજદારોના રેશનીંગ કાર્ડ અંગેનો ભરેલા ફોર્મ હોવા છતાં હજુ સુધી કાર્ડ તૈયાર થયા નથી. આ સાથે આ કામગીરીમાં માત્ર કંપનીના કર્મચારી તથા તલાટી કમ મંત્રી ઉપસ્થિત હોવાથી તાલુકા કક્ષાથી મામલતદાર કચેરી તથા પુરવઠા શાખાના કોઈ અધિકૃત અધિકારી હાજર ન હોવાથી ઉડાઉ જવાબોથી અરજદારો ભારે હાલાકીમાં મુકાયા છે. આ બાબતે સત્તાવાહકો ગ્રામજનોને પડતી મુશ્કેલી દૂર કરવા સત્વરે યોગ્ય કાર્યવાહી હાથ ધરી ન્યાય અપાવવા તથા મદદરૂપ થવા તીવ્ર માંગ સાથે લાગણી પ્રવર્તી રહી છે.


## ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪, પ્રથમ માળ, ગાંધીનગર

આ કચેરીની સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવાઓ પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક વચ્ચે તા. ૨૪/૮/૨૦૧૨ સુધીમાં આ કચેરીની રોકડ શાખા ખાતેથી એજન્સીના લેટરપેડ ઉપર કરેલ અરજી સાથે રૂ. ૫૦૦/- રોકડેથી (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૭/૮/૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકે મંડળની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ રજીસ્ટર્ડ પોસ્ટથી કચેરીમાં તા. ૨૭/૮/૨૦૧૨ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩/૮/૨૦૧૨
માહિતી/૯૮૭/૧૨-૧૩

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

## જાહેર નિવિદા

### નવી કાર્ટીઝ, કાર્ટીઝ રીફીલીંગ માટેની નિવિદા

શ્રમ આયુક્તની કચેરી
બ્લોક નં. ૧૧,૧૨,૧૪, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

કચેરીના પ્રિન્ટરો તથા ઝેરોક્ષ નવી કાર્ટીઝ, ટોનર, રીબન તથા રીફીલીંગ માટેની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તા. ૨૧-૭-૨૦૧૨ થી તા. ૭/૮/૨૦૧૨ સુધી કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભર્યેથી મળશે.

સહી/-
અધિક શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર વતી

માહિતી/૯૯૧/૧૨-૧૩

## જાહેર નિવિદા

અત્રેની કચેરીના ઉપયોગ સારૂ કોપીયર પેપરનો માસિક ૧૦૦ રીમની સરેરાશથી વાર્ષિક જરૂરિયાત મુજબ વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન અંદાજે ૧૨૦૦ રીમ ખરીદવાના હોવાથી રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં સિલબંધ કવરમાં ભાવપત્રક તેમજ કોપીયર પેપરનો નમુનો અને કોપીયર પેપરના બ્રાન્ડના નામ દર્શાવી નીચે જણાવેલ સરનામે મોકલી આપવા.

નાયબ નિયામક (વહીવટ)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, સેક્ટર નં. ૧૮, ગાંધીનગર.

માહિતી/૯૯૨/૧૨-૧૩

## સહાયક આયુક્તશ્રીની કચેરી

કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક અને સેવાકર
ગાંધીનગર મંડળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

### જાહેર ટેન્ડર નોટીસ

આથી જાણીતી અને અનુભવી "હાઉસ કીપીંગ અને ક્લીનીંગ સર્વિસ કોન્ટ્રેક્ટ" કંપનીઓ તરફથી હાઉસ કીપીંગ અને સફાઈ કામ અંગે ટેન્ડરો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગત વેબસાઈટ www.cbec.in અને www.tanders.gov.in ઉપરથી જોવા મળી શકશે. તેમજ સેન્ટ્રલ એક્સાઈઝ ઓફીસ, સે.૧૦-એ, ચ-૩ પાસે, સી.પી.ડબલ્યુ.ડી.ની બાજુમાં, ગાંધીનગરના નોટીસ બોર્ડ ઉપરથી માહિતી મળી શકશે.

ઉપર મુજબના ટેન્ડર (ભાવપત્રો) બે બીડ સીસ્ટમથી સીલ કવરમાં સહાયક આયુક્ત, સેન્ટ્રલ એક્સાઈઝ ડીવીઝન, ગાંધીનગરના નામે કવર ઉપર "ભાવપત્ર હાઉસ કીપીંગ સર્વિસ કોન્ટ્રેક્ટ" લખાણ લખવું.

સદર ટેન્ડર / ભાવપત્રક મોકલવાની છેલ્લી તારીખ ૧૪/૮/૧૨ છે.

ટેન્ડર / ભાવપત્રક મંજુર કરવું કે રદ કરવું તેનો અબાધિત અધિકાર સહાયક, આયુક્ત કેન્દ્રીક ઉત્પાદ શુલ્ક, ગાંધીનગર પાસે સુરક્ષિત છે.

તારીખ : ૩/૮/૧૨
સ્થળ : ગાંધીનગર

સહાયક આયુક્ત
કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક
ગાંધીનગર મંડળ


## ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

## મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD
Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601